## સુત્રાપાડાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રી ની કોર્ટ–સુત્રાપાડા

**–:: પ્લી લગત હુકમ ::–**

**ફોજદારી કેસ નં.૨૫૨/૨૦૨૬**

ફરીયાદી : સરકારશ્રી

વિ.

આરોપીઓ: (૧) હાજાભાઈ દેવાતભાઈ વાઢેર ,રે.વાવડી,તા.સુત્રાપાડા
(૨) અજયભાઈ બાલુભાઈ બાંભણીયા,રે.થરેલી તા.સુત્રાપાડા
(૩)રાજેન્દ્રસિંહ ભીમજીભાઈ જાડેજા,રે.મોરાસા,તા.સુત્રાપાડા
(૪) સિકન્દર યુનુસભાઈ શીરમાણી,રે.વડીયા,તા.અમરેલી
(૫) હરેશભાઈ એભાભાઈ જાખોત્રા,રે.વાવડી,તા.સુત્રાપાડા
(૬) રાજેન્દ્રસિંહ ભરતસિંહ રાઠોડ,રે.મોરાસા,તા.સુત્રાપાડા
(૭) અરશીભાઈ જાદવભાઈ બાંભણીયા,રે.થરેલી,તા.સુત્રાાડા

**ગુના કલમ - જુગારધારા ૧૨ મુજબ**

**: ચુકાદો :**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીઓએ ચાર્જશીટમાં કોલમ નં. ૫ ની વિગતે જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર રોડ પત્તા પાનાથી પૈસા વડે હારજીતનો જુગાર રમતા રમાડતા જાહેરમાંથી પકડાઈ જઈ જુગારધારા ૧૨ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓને સદર ચાર્જશીટમાં જ્યારે અદાલત દ્વારા સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ ત્યારે આરોપીઓ ને સમન્સની બજવણી થતા આરોપીઓ ગુનાની કબુલાત કરવા ઈચ્છતા હોય તે સબબની લેખિતમાં કબુલાત પુરસીસ તથા દંડની રકમ ભરીને અત્રેની અદાલતમાં આપવામાં આવેલ છે જે પુરસીસ આ કામે રજુ કરેલ છે.

(૩) આમ સદર કેસ જુગારધારા ૧૨ અન્વયે નોંધાયેલ હોય અને આરોપીઓએ ગુનાની કબુલાત કરી દંડની રકમ અત્રેની અદાલતમાં લેખિતમાં પુરસીસ આપીને જમા કરાવેલ હોય આરોપીઓની દંડની રકમ સ્વીકારી તેમજ આરોપીઓની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લેતા અને આરોપીઓ સ્વેચ્છાએ રાજીખુશીથી કબુલાત કરેલ છે. આમ ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા આરોપીનો આ પ્રથમ ગુનો છે પોતાને આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરે છે, જે તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપીઓની રજુઆત તેમજ કામનું રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપી વિરુધ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબનો ગુનો છે અને આરોપીઓની રજુઆત ધ્યાને લેતા તેઓ ગરીબ વર્ણના માણસ છે અને સદર ગુનો તેમની પહેલી ભુલ હોય માફ કરવા અરજ કરેલ છે ત્યારબાદ આ કામે જુ.ધારા કલમ ૧૨ સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામે કેસનુ રેક્ર્ડ ધ્યાને લેતા આ કામે હજુ આરોપીઓનો ચાર્જ ફ્રેમ થયા બાદ કેસની કાર્યવાહી ચાલતા સમય જાય તેમ છે અને આ કામે આરોપીઓ ગુનાની કબુલાત કરવા માંગતા હોય આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટના State Of Gujarat vs Natwar Harchandji Thakor on 22 February, 2005 Equivalent citations: 2005 CriLJ 2957, (2005) 1 GLR 709 માં ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો સદર ચુકાદો નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે 86. In short, in our conclusions on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reasons for a first offence, the Court is empowered and entitled to award less than minimum sentence on finding accused guilty either by evidence or by raising "plea of guilty"

and judicial directions and prescription of special format contrary to the statutory provisions as observed by us, hereinabove, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not affirmed and approved by us t o the extent as stated above for the elaborate reasons and factual matrix and legal profile given hereinabove and upon true and correct interpretation and legislative intendments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and proviso to Sections 66 and 85, so far as first

**(૫) આમ સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીઓનો પ્રથમવારનો ગુનો હોય અને આ કેસના સંજોગો જોતા મીનીમમ સજાની જોગવાઇ હોય તેથી ઓછી સજા કરી શકાય તેમ ઠરાવેલ છે. આમ, સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ આરોપીઓનો પ્રથમવારનો ગુનો હોય અને આ કામે ચાર્જશીટ ધ્યાને લેતા આરોપીઓ સામે અગાઉ આ પ્રકારનો ગુનો આચરેલ હોવાની કોઇ હકીકત રેકર્ડ ઉપર જણાય આવતી નથી અને જેથી આરોપીઓનો પ્રથમવારનો ગુનો હોવાનુ માની સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લઇ અને સદર કેસની હકીકતો ધ્યાને લેતા આ કામે આરોપીઓ હાજર છે અને તેઓની ઉંમર તેમજ પરિસ્થિતિ વીગેરે હકીકત લક્ષમાં લઇ આ કામે આરોપીઓને મીનીમમ સજાથી પણ ઓછી સજા કરવી ઉચીત જણાતી હોય આ કામે નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.**

**<u>હુકમ</u>**

૧.સદર કામે આરોપીઓને જુગાર ધારાની કલમ–૧૨ મુજબ બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ હેઠળ આરોપીઓને ૧૦૦/– લેખે કુલ આરોપીઓ ૭ (સાત) લેખે કુલ દંડ–૭૦૦/– (અંકે રૂપિયા સાતસો પુરા) તથા કોર્ટ ઉઠતા સુધી ની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે સદર આરોપીઓ પાસેથી જે રોકડ રકમ કબ્જે કરવામાં આવેલ હોય તે રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા નોન વેલ્યુબલ મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ: સુત્રાપાડા

(એ.આર.બોરીચા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સુત્રાપાડા
(જજ કોડ નં. જી.જે.૦૦૯૭૮)